## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સીમ્પલ છે ભવિષ્ય... અમે આવશું તો સરકાર ચલાવશુ, નહિ આવીએ તો ગીરાવશું....!!!

# જિલ્લાની ૪ શાળાઓ ૩૦ ટકાથી નીચે જયારે ૧૮નુ સો ટકા પરિણામ

### નબળી શાળાઓમાં પરિણામની ટકાવારી સુધારવા શિક્ષણતંત્ર દ્વારા વધારાના વર્ગો સહીત નવા અભિગમ સાથે પ્રયાસો હાથ ધરાયા છે

ગાંધીનગર તા ૨૨

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધો -૧૦ ના પરિણામના અંતે ગાંધીનગર જિલ્લામાં શાળાઓમાં પરિણામની ટકાવારી પણ પ્રકાશમાં આવી છે. જેના અંતે જિલ્લાની ૪ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ હોવાનુ ધ્યાને આવ્યુ છે .જયારે જિલ્લાની ૧૮ શાળાઓએ સો ટકા પરિણામ મેળવવાની સિધ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ની પરીક્ષાનુ પરિણામ જાહેર થયા બાદ શાળાઓમાં પ્રવેશ પ્રક્રીયા તેજ બની ગઈ છે. જયારે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ આ મામલે જાગૃત બન્યા છે. વિદ્યાર્થીની શૈક્ષણિક કારકીર્દીને આગળ વધારવા માટે યોગ્ય શાળામાં પોતાના પાલ્યને શિક્ષણ આપવા માટે ઉત્સુક બન્યા છે. જયારે શહેરની શાળાઓ પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ ચઢતા ઉતરતા ક્રમે હોવાથી આ વિષય પણ વાલીઓ માટે અભ્યાસનો બન્યો છે. ધો -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે પણ જિલ્લા શિક્ષણ તંત્રએ નવા પ્રયોગો સાથે પ્રયાસો શરૂ કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી નબળી શાળાઓમાં પરિણામની ટકવારી સુધારવા માટે કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. જયારે આ વર્ષે જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી ૪ શાળાઓ ધ્યાને આવી છે. જો કે ગત વર્ષ કરતા આ શાળાઓની સંખ્યા ઘટી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે સો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૧૮ છે. જયારે જિલ્લાની ૬૨ શાળાઓના પરિણામ ૯૧ થી ૯૯ ટકા વચ્ચે છે. ધો -૧૦ માં નબળી શાળાઓનુ પરિણામ સુધારવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર છેલ્લા ત્રણ વર્ષથી મથામણ કરે છે. જેના ભાગરૂપે શાળાઓમાં વધારાના વર્ગો તેમજ શિક્ષકો અને આચાર્યો સાથે બેઠકો કરીને વર્ષ દરમિયાન કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવે છે.



## દર્દીઓને બેસવા વ્હીલચેર નસીબ નથી...ને

ગાંધીનગર સિવિલમાં દર્દીઓને બેસવા માટે વ્હીલચેર મળતી નથી. દર્દીઓનો સગા અંગે અનેકવાર રજુઆતો કરી ચુક્યા છે. અશક્ત, પગે ફ્રેકચર થયુ હોય તેવા દર્દીઓ સગાઓના સહારે હોય છે. ત્યારે સરકારી સિવિલની વ્હીલ ચેરમાં કેસર કેરીના બોકસ લેવા માટે ઉપયોગ થઈ રહ્યો છે. આ કેસર કેરીના બોકસ લેવા માટે ઈએનટી ઓટીમાંથી કર્મચારીએ છોડેલા આદેશનું પાલન કરતો વર્ગ -૪ નો કર્મચારી દેખાઈ રહ્યો છે. જયારે સિવિલની વ્હીલચેરમાં તો ડાયટ ફુડ, ફાઈલો, ધોવા માટેના કપડા, ડસ્ટબીન સહિતની ચીજવસ્તુઓની એક સ્થળે થી બીજા સ્થળે લઈ જવા માટે વ્હીલચેરનો ઉપયોગ થાય છે. માત્ર દર્દથી કણસી રહેલા દર્દીઓ માટે જ વ્હીલ ચેર ઉપલ્બધ હોતી નથી.. ત્યારે સિવિલ તંત્ર આ અંગે શુ કરે છે તે જોવું રહ્યું...!

## શહેરના ઘ-૪ ઉદ્યોગભવન ગેટ પાસેથી બાઈકથી ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૨

શહેરના ભરચક વિસ્તાર ઉદ્યોગભવનના ગેટ પાસેથી બાઈકની ઉઠાંતરીની ઘટના સામે આવી છે. શહેરમાં આંતરે દિવસે બાઈક ચોરીની ઘટનાઓ બની રહી છે. વાહનચોરી કરી ચોર ઈસમો બિન્દાસ્ત પલાયન થઈ જાય છે. ચોર ઈસમોને પકડવા માટે પોલીસ કમરકસી રહી છે છતા વાહનચોર પોતાનો ટાર્ગેટ પુરો કરી રફુચક્કર થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૨૦ સરકારી આવાસમાં રહેતા અને ગુજરાત ટુરીઝમમાં એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા સતિશચંદ્ર ઘનશ્યામ પ્રસાદ નિમાવત પરિવાર સાથે સ્વર્ણિમ પાર્ક ફરવા ગયા હતા અને ફરીને માત્ર એક કલાક પછી આવ્યા તો જોયું કે બાઈક ગાયબ હતું. ગત તા.૧૧ મે ના રોજ યુવક ઉદ્યોગ ભવન ગેટ નં-૧ પાસે સાંજે ૭ વાગે હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૦૧.એસ.કયુ-૬૪૯૯ મુકીને ગયા હતા અને બાઈકની ઉઠાંતરી થવા પામી હતી.બાઈકની શોધખોળ કર્યા બાદ યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સે-૧૦ સરકારી કચેરીની પાછળ પાર્કીંગમાં જુગાર રમતા ૩ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીગનર શહેરના સેકટર-૧૦ સ્થિત ગુજરાત રાજ્ય પુરવઠા નિગમની કચેરીની પાછળ આવેલ પાર્કીંગની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શકુનીઓ પોલીસના હાથે પકડાઈ ગયા છે. સે-૭ પોલીસે રૂ. ૭૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય જુગારીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરની સેકટર-૭ પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગુજરાત રાજય પુરવઠા નિગમની કચેરીની પાછળ ખુલ્લી પાર્કીંગની જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા નિકેત અજયભાઈ પટેલ ઉંવ.૨૭ રહે.ગોતા પટેલવાસ, ગૌતમભાઈ ગીરીજાશંકર દિક્ષિત ઉં.વ.-૬૨ રહે. ૪ બી. પ્લોટ નં. ૫૩૮-૨ તેમજ શૈલેષ બળદેવજી ઠાકોર ઉં.વ.૩૮ રહે.ઈન્દ્રોડા ગામ, ઈન્દ્રાણી વાસ જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.જુગારીઓ પાસેથી પોલીસે અંગજડતી દરમિયાન રૂ.૭૩૮૦ રોકડા અને ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૭૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં પુનઃ હીટવેવનો પ્રકોપ

### પારો ૪૨.૮ ડિગ્રી : આખો દિવસ લૂની અસર હેઠળ માર્ગો સુમસામ બન્યા : ઠંડા પીણાનો ઉપાડ વધ્યો

ગાંધીનગર, તા. ૨૨

મે માસના બીજા પખવાડિયામાં પુનઃ ગરમીનો પ્રકોપ વધવા માંડ્યો છે. પાટનગરમાં પણ હીટવેવની અસર વર્તાઈ રહી છે. મહત્તમ તાપમાન ૪૨.૮ ડિ.સે. પહોંચી જતા વસાહતીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. આખો દિવસ ગરમ લૂ ફૂંકાતા તેની જનજીવન પર આકરી અસર જોવા મળી રહી છે.



ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. આકરી ગરમીથી વસાહતીઓ હેરાન પરેશાન બન્યા છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી તો ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ક્રમશઃ ગરમી વધતા હીટવેવની અસર વર્તાઈ રહી છે. હવમાન વિભાગે કરેલી આગાહી મુજબ જ ગરમીએ તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવવાનુ શરૂ કર્યુ છે. સવારથી જ તડકો આકરો બની રહ્યો છે. આકરી ગરમીના કારણે દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બન્યુ છે. બપોર થતાં જ વસાહતીઓ ઘરમાં પુરાઈ જાય છે. જ્યારે કર્મચારીઓ પણ ઓફિસમાં જ પુરાઈ રહે છે. હીટવેવની અસરના કારણે બજારોમાં જરાય ભીડ જોવા મળતી નથી. માર્ગો પણ સુમસામ રહે છે જે એકલ દોકલ વાહનચાલકો માર્ગો પર જોવા મળે છે. તેઓ પણ ગરમીથી બચવા ટોપી, રૂમાલ અને મોજા પહેરેલા જોવા મળે છે. ગરમીથી બચવા માટે રાહદારીઓ-વાહનચાલકો ઠંડા પીણા, આઈસક્રીમ વગેરેનો સહારો લઈ રહ્યાં છે. ઠંડી સોડા, શરબત, લીંબુ સીકંજીથી લઈને બરફગોળાનો ઉપાડ એકાએક જ વધી ગયો છે. ઠંડક મેળવવા માટે છાશનો ઉપયોગ પણ વધી રહ્યો છે.

રાત્રીના સમયે પણ તાપમાન ઉંચુ રહે છે અને લુની અસર રહેતા વસાહતીઓ મોડી રાત સુધી માર્ગો પર ટહેલતા નજરે પડે છે. વેકેશન અને ગરમીના કારણે બગીચાઓમાં પણ મોડીરાત સુધી વસાહતીઓનો જમાવડો રહે છે. આગામી દિવસોમાં હજુ હીટવેવની અસર રહેવાની શક્યતા દર્શાવાઈ રહી છે.

## સેંટ ઝેવિયર્સનો વિદ્યાર્થી શહેરમાં ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા. ૨૨

સેંટ ઝેવિયર્સ શાળામાં



અભ્યાસ કરતા સાર્થક જયેશકુમાર પટેલે ૬૦૦માંથી ૫૭૪ ગુણ મેળવી ગાંધીનગર શહેરમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઉલ્લેખનીય છે કે તેના પિતા જે. વી. પટેલ નાણા વિભાગના નાયબ સચિવ છે. સાર્થકને તેના પરિવાર અને શાળા તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

## બીએપીએસ રાંદેસણ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૨

બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર,



રાંદેસણમાં અભ્યાસ કરતી છવી વિનોદભાઈ ટાંક ૬૦૦માંથી ૫૪૮ માર્કસ લાવી એ-૧ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થઈ છે. શાળા તરફથી તેને અભિનંદન પાઠવવામાં આવે છે.

## અંધશાળાનુ ધો. ૧૦નું સો ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા ૧૫ વર્ષથી અંધશાળા ધો. ૧૦ના બાળકોનું પરિણામ સો ટકા આવે છે અને આ વર્ષે પણ ધો. ૧૦ના સાત વિદ્યાર્થીઓમાંથી દરેક પાસ થતા શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યુ છે.

## રેડિયન સ્કૂલ અંગ્રેજી માધ્યમનું સો ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૨

ધો. ૧૦ બોર્ડની પરીક્ષામાં રેડિયન સ્કૂલ સરગાસણ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા ૧૩ વિદ્યાર્થીઓમાંથી દરેક પાસ થયા છે અને શાળાનું પરિણામ સો ટકા આવ્યુ છે. શાળા દ્વારા દરેક વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## પંજાબ હ્યુન્ડાઈ ખાતે નવી એસયુવી કાર 'વેન્યુ'નું ધમાકેદાર લોન્ચીંગ

### ગાંધીનગરના પોલીસ રેન્જ આઈ.જી. મયંકસિંહ ચાવડાના હસ્તે 'વેન્યુ' લોન્ચ કરાઈ : એસયુવી શ્રેણીમાં અદ્યતન નવા ફિચર્સ સાથે કિફાયતી કિંમત હોવાનો દાવો






ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં આજે સેક્ટર-૨૮ જીઆઈડીસી સ્થિત પંજાબ હ્યુન્ડાઈના શો-રૂમ ખાતે હ્યુન્ડાઈની નવી એસયુવી કાર 'વેન્યુ'નું ગાંધીનગરના રેન્જ આઈ.જી. મયંકસિંહ ચાવડાના હસ્તે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. સાંજે યોજાયેલા આ ધમાકેદાર લોન્ચીંગમાં પંજાબ હ્યુન્ડાઈના ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને 'વેન્યુ'ને જોઈ પ્રભાવિત થયા હતા.

પંજાબ હ્યુન્ડાઈના જનરલ મેનેજર ધર્મેશભાઈ શાહે જણાવ્યું હતું કે, 'હ્યુન્ડાઈની વેન્યુ કાર એ અત્યારના માર્કેટમાં સૌથી નવા અને સૌથી વધુ ફિચર્સ ધરાવતી એસયુવી કાર છે. જે અનેક અજોડ ફિચર્સ ધરાવતા હોવા છતાં કિફાયતી કિંમતે ઉપલબ્ધ છે. 'વેન્યુ' એસયુવી કારના મોડેલ રૂ. ૬.૫૦ લાખથી રૂ. ૧૧.૧૦ લાખ સુધીની એક્સ શૉ-રૂમ કિંમત ધરાવે છે. જેને આ શ્રેણીની કારમાં સૌથી આવકારદાયક ભાવ શ્રેણીની કહી શકાય.

ગાંધીનગરના પોલીસ રેન્જ આઈ.જી. મયંકસિંહ ચાવડા દ્વારા કારને લોન્ચ કરાયા બાદ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. આ પછી ગ્રાહકોએ હ્યુન્ડાઈ વેન્યુને જોવા માટે પડાપડી કરી હતી. 'વેન્યુ' એસયુવી જુદા જુદા દસ જેટલા આકર્ષક રંગોમાં ઉપલબ્ધ છે. વળી આ કારમાં એક, બે કે ત્રણ નહીં પરંતુ ૨૬ જેટલા ફિચર્સ એવા છે જે અન્ય કોઈ એસયુવી કારમાં ઉપલબ્ધ નથી. જેમાંથી મુખ્ય ફિચર્સ જોઈએ તો ૭ સ્પીડ ડીસીટી, વાયરલેસ ચાર્જર, એર પ્યુરિફાયર, પ્રોજેક્ટર ફોગ લેમ્પ્સ, એચડી ડિસ્પ્લે સ્ક્રીન, ક્રોમ આઉટ સાઈડ ડૉર હેન્ડલ્સ, વ્હીલ એર કર્ટેઈન્સ, આર્કમીઝ સાઉન્ડ મુડ, ઈકો-કોટીંગ સાથે ૩ વર્ષની અનલિમીટેડ કિલોમીટરની વૉરંટી ઉપરાંત ૩ વર્ષ આરએસએની સુવિધાનો સમાવેશ થાય છે.

હ્યુન્ડાઈની નવી 'વેન્યુ'માં પેનિક નોટિફિકેશન બટન છે જે દબાવતા પોલીસ સ્ટેશન સહિત ચાર જગ્યાએ મેસેજ મોકલે છે. જે મહિલાઓ કે વૃદ્ધો માટે જોખમના સમયે ઉપયોગી સાબિત થશે.

આ ઉપરાંત સ્પીડ એલર્ટ ફિચર નિયત કરેલ સ્પીડ કરતા કાર વધુ સ્પીડ પકડે તો એલર્ટ કરે છે.




સેક્ટર-૨૨ વેપારીઓ દ્વારા મહાનગરપાલિકાના નવ નિયુક્ત મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નજાભાઈ ધાંધર અને સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાનો વિશિષ્ટ સન્માન સમારંભ યોજાયો હતો. સન્માન સમારંભમાં વેપારી મંડળના પ્રમુખ અને અર્બન બેંકના ચેરમેન શ્રી કાળીદાસ પટેલના હસ્તે તમામ પદાધિકારીઓનું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી...

## રાષ્ટ્રીય દ્રષ્ટિહીન સંઘ દ્વારા વિકલાંગ ધારાના અમલીકરણ અંગે રાજયપાલને આવેદન પત્ર

ગાંધીનગર, તા. ૨૨

રાષ્ટ્રિય દ્રષ્ટિહીન સંઘ ગુજરાત શાખા દ્વારા વિકલાંગ અધિનિયમ ૨૦૧૬ ના અમલીકરણ અંગે નેત્રહીનોના પ્રશ્નો અંગે ગત તા. ૨૦ મે ના રોજ રાજયના નામદાર રાજયપાલ ઓ.પી.કોહલી સાથે સંઘના પ્રતિનિધી મંડળની મુલાકાત યોજાઈ હતી. જેમાં મંત્રી દેવયાની ઠાકોર, જે.બી.પટેલ, ઉમેશ. એમ. પરમાર, ગગન મહેતા, ધર્મેન્દ્ર જાડેજા અને સુદીપ ત્રિપાઠીનો સમાવેશ થાય છે. રાજયપાલને નેત્રહીનના પ્રશ્નો જેમ કે વિદ્યા સહાયકોની ભરતી, મદદનીશ ફિઝીયોથેરાપીસ્ટની ભરતી કરવી, સંગીત શિક્ષકોની નિમણુંક અને પુવર્સનના પ્રશ્નો તેમજ દિવ્યાંગ સંસ્થાઓની અનુદાન નિતી અને વિકલાંગ અધિનિયમના અમલીકરણ અંગે આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ નેત્રહીનના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી હતી. જયારે બુધવારના રોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને વિકલાંગ અધિનિયમ ૨૦૧૬ના અમલીકરણ અંગે આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. જયારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિકલાંગ ધારાના અમલીકરણ અંગે ઝડપી ઘટતુ કરવા હૈયાધારણા આપી હતી. આ પ્રસંગે હાજર સંઘના સભ્યોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

## સે. ૧૫ આઈટીઆઈ ખાતે મેડીટેશન અવેરનેસ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

અમુક પ્રકારના કેસોનું જે કોર્ટમાં દાખલ થઈ ગયા હોય તેવા પ્રકારના કેસોનું પણ કોર્ટ બહાર પણ ગકાયદેસરનું સુખદ સમાધાન શક્ય છે જે મિડિયેશન મધ્યસ્થીકરણ દ્વારા નિરાકરણ થઈ શકે છે. જેની જાગૃતિ ફેલાવવા અને વિસ્તૃત સમજણ આપવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટના ઉપક્રમે 'મિડિયેશન અવેરનેશ' અંગેની એક માહિતીસભર કાનૂની શિબિરનું આયોજન શહેરની એક પ્રભાવશાળી સરકારી સંસ્થા આઈ.ટી.આઈ. (મહિલા) સે. ૧૫ ખાતે કરવામાં આવ્યુ હતુ. આ શિબિરમાં લગભગ ૧૨૦ તાલીમાર્થી, મહિલાઓ અને સ્ટાફ સભ્યો સમક્ષ પેરાલીગલ વૉલન્ટીયર અને કોર્ટના મિડિયેટર સુધીર દેસાઈએ જરૂરી તમામ જાણકારી આપી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ પી.એસ. રાઠોર ખાસ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રસંગોચિત પ્રેરક ઉદ્બોધન કર્યુ હતુ. અતિથિ વિશેષ તરીકે આઈટીઆઈના વિદ્વાન પ્રિન્સિપાલ એ.બી. ત્રિવેદી ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળતા બક્ષી હતી. આ શિબિરમાં પોસ્ટ લીટીગેશન કેસો જે કોર્ટમાં ચાલવા ઉપર આવેલા છે અને પ્રિલીટીગેશન કોર્ટમાં કેસ દાખલ કરવા પહેલાં સમાધાન પણ કોર્ટ કરાવી શકે તે અંગે વિસ્તારપૂર્વક છણાવટ કરવામાં આવી હતી.

## બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદતી વખતે ખેડૂતો આટલુ ધ્યાન રાખે

રાજ્યનો કૃષિ વિકાસ દર ઉત્તરોત્તર વધે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારની કૃષિલક્ષી નીતિ, ખેડૂતોની મહેનત અને અધિકારીશ્રીઓની જહેમતને પગલે કૃષિ વિકાસ ક્ષેત્રે સમગ્ર ભારતમાં ગુજરાત અગ્રેસર છે. ખરીફ ઋતુની શરૂઆત થવામાં હોઈ રાજ્યના ખેડૂતો બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી વખતે છેતરાય નહીં તે માટે ખેડૂતોએ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું આવશ્યક છે તે અંગે ખેતી નિયામકશ્રી દ્વારા ખેડૂતોને જરૂરી સલાહ આપતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

બિયારણ, જંતુનાશક દવા તથા રાસાયણિક ખાતરની ખરીદી કરતી વખતે ખેડૂતોએ શું ખાસ કાળજી રાખવી તેની વિશેષ માહિતી આપતા ખેતી નિયામકશ્રીએ જણાવ્યું છે કે, જંતુનાશક દવા, બિયારણ તથા રાસાયણિક ખાતરની ખરીદી હંમેશા તેના અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ અથવા તો પ્રતિષ્ઠિત વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો.

રાસાયણિક ખાતરની થેલી, જંતુનાશક દવાઓની બોટલ/ટીન અથવા બિયારણની થેલી સીલબંધ છે કે કેમ? તેની ખાતરી કરવી તથા કોઈપણ સંજોગોમાં મુદત પુરી થયેલી જંતુનાશક દવા અથવા તો બિયારણની ખરીદી કરવી નહીં.

## સરકારી વાહનની વેચાણ અંગે

ગુજરાત માહિતી આયોગ, બ્લોક નં.-૧, બીજો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગરની કચેરીનું એક સરકારી ઈનોવા ટોયેટા (પેટ્રોલ) વાહન નંબર જીજે-૧૮-જી-૯૦૦૧ હાલ જે ચાલુ હાલતમાં છે. જેનું વેચાણ કરવાનું હોઈ, વેચાણથી લેવા રસ ધરાવતા ઈસમોએ રૂપિયા ૫૦૦૦/- રોકડા સીલબંધ કવર સાથે કચેરીમાં રૂબરૂમાં જમા કરાવવાના રહેશે. સીલબંધ કવરમાં 'વાહન વેચાણ અંગે' કવર પર લખી વેચાણ લેવાના ભાવ સાથેની અરજી નામ/ સરનામા / મોબાઈલ નંબર / આઈડી પ્રુફ તરીકે આધાર કાર્ડ / પાનકાર્ડની ખરી નકલ સાથે કચેરીના સરનામે દિન-૭માં મોકલી આપવાની રહેશે. આ અંગેની શરતો અને બોલીઓની નકલ આયોગની મહેકમ શાખામાંથી મળી શકશે.

(વેચાણનું વાહન ઉપરના સરનામે બેઝમેન્ટ પાર્કીંગમાં જોવા મળશે.)